**<u>ફો.પ.અ.નં–૮૬૦/૨૦૨૬</u>**

**<u>મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન સી પાર્ટ ગુના રજી.નં ૧૬૧૯/૨૦૨૬ પ્રોહી એકટ કલમ–૬૫ (ઇ),૮૧ મુજબના ગુનાના કામે આરોપીની જામીન અરજી લગત હુકમ</u>**

=============================================================

1. હાલની જામીન અરજી તથા એફ.આઇ.આર. વંચાણે લીધા. અરજદાર / આરોપી તરફે વિ.વ.શ્રી તથા ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ને સાંભળ્યા.

2. અરજદાર / આરોપી તરફે વિ.વ.શ્રી ની રજુઆત એવી છે કે, અરજદાર / આરોપી નિર્દોષ છે. અરજદાર / આરોપીને ખોટી રીતે અટક કરવામાં આવેલ છે. આરોપી મોરબી જિલ્લાનો સ્થાનીક રહેવાસી છે આરોપી નાસીભાગી જાય તેવા નથી. આરોપી વિરૂધ્ધ **<u>પ્રોહી એકટ કલમ–૬૫ (ઇ),૮૧</u>** મુજબના આક્ષેપીત ગુનાનુ તહોમત છે. અરજદાર / આરોપી વિરૂધ્ધની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા અને હકુમત નામદાર કોર્ટને છે. નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા અરજદાર / આરોપી ખુશી છે. જેથી નામ.સુપ્રિમ કોર્ટનાં અને નામદાર ગુજરાત હાઇકોર્ટનાં જામીન સબંધી ચુકાદાઓ ધ્યાને લઇને આરોપીને યોગ્ય રકમનાં જામીન ઉપર છોડવા નમ્ર વિનંતી કરેલ છે.

3. ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા " Seen & Objection ગુનાની ગંભીરતા અને જોગવાઇઓ જોતા સદર જામીન અરજી ના મંજુર કરવા નમ્ર અરજ છે" જે શેરો વંચાણે લિધો. વધુમાં જણાવેલ છે કે, અરજદાર / આરોપી વિરૂધ્ધ અન્ય કોઇ ગુના દાખલ થયેલા નથી જે મતલબનુ તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામુ રજુ રાખેલ છે. અરજદાર / આરોપી વિરૂધ્ધ **<u>પ્રોહી એકટ કલમ–૬૫ (ઇ),૮૧</u>** મુજબના બિનજામીનલાયક ગંભીર ગુનાનુ તહોમત છે જેથી જામીનઅરજી નામંજુર કરવા નમ્ર વિનંતી કરેલ છે.

4. ઉપરોકત તમામ હકિકતો તથા બંને પક્ષનાઓની રજુઆત ધ્યાને લેતા અરજદાર / આરોપી વિરૂધ્ધ **<u>પ્રોહી એકટ કલમ–૬૫ (ઇ),૮૧</u>** મુજબના ગુનાનુ તહોમત છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના **ક્રિમીનલ પરચુરણ અરજી નંબર–૮૮૯૨/૨૦૧૮ જયંતીભાઈ મકનભાઈ ડામોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** ના કેસના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે અરજદાર / આરોપીઓ વિરૂધ્ધના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા અને હકુમત જયુડી.મેજીસ્ટ્રેટને રહેલી છે તેવુ ઠરાવેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના સદર ચુકાદાનો

સિધ્ધાંત ધ્યાને લઈ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૪૩૭ ધ્યાને લેતા તેમજ **સંજય ચંદ્રા વિરુધ્ધ સી.બી.આઈ.૨૦૧૨ ક્રિમીનલ લો જર્નલ પાના નં.૭૦૨**નાં ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા તથા ત.ક.અધિકારીશ્રીનુ સોગંદનામુ ધ્યાને લેતા જણાઈ આવે છે કે આરોપી વિરુધ્ધ હાલના કામ સિવાય અન્ય આજ કાયદા હેઠળ બીજા કોઇ ગુના નોંધાયેલ ન હોવાથી આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચીત જણાતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

આ કામનાં આરોપી– **રજીયાબેન જુસબભાઈ ઈલ્યાસભાઈ કટીયા રહે.લાતી પ્લોટ, શેરી નં–૩–૪ વચ્ચે, મોરબી** વાળાને રૂા.૨૫,૦૦૦/– અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરાના સદ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કર્યેથી નીચેની શરતોએ જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

શરતો –

1. આરોપીએ પોતાનું કાયમી સરનામું જાહેર કરવું તથા તેના ઓળખપત્રની એક નકલ રજુ કરવી.
2. આરોપીએ ત.ક.અમલદારને તપાસમાં સહકાર આપવો.
3. આરોપીએ કોઈપણ અન્ય ગુનાહિત કૃત્યમાં સંડોવાવું નહી.
4. આરોપીએ ફરિયાદપક્ષના સાહેદોને ધાક ધમકી આપી ફોડવાનો પ્રયત્ન કરવો નહી.

આ હુકમ આજ **તારીખ : ૨૦**મી, **માહે : ઓગષ્ટ સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :૨૦/૦૮/૨૦૨૬**
**મોરબી.**

**(અર્જુન સિંહ)**
ઈ.ચા એડી.જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
મોરબી.